મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૨૯-૧૨-૨૦૨૪
રવિવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૯૮
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### કડી તાલુકા અને શહેર ભાજપનો જૂથવાદ ચરમસીમાએ પહોંચતાં તેની આગ જિલ્લા ભાજપ અને પ્રદેશ ભાજપને દઝાડે તેવી સંભાવના

# પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ધારાસભ્ય કરશન સોલંકીના સમર્થકો વચ્ચે પોસ્ટર્સ વોર શરૂ થતાં મામલો ભારે ચર્ચાસ્પદ બન્યો

**કડી તાલુકા ભાજપ પ્રમુખ તરીકે શૈલેષ ઠાકોર અને શહેર ભાજપ પ્રમુખ તરીકે જિજ્ઞેશ પટેલની વરણી કરવામાં આવી છે**

**પોસ્ટર્સમાં ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો ફોટો મૂકવામાં આવ્યો છે**

**તાલુકા ભાજપ પ્રમુખ શૈલેષ ઠાકોરને અભિનંદન નહી આપીને ધારાસભ્ય કરશન સોલંકીનો ફોટો મૂકવામાં આવ્યો નથી.**

**શહેરના મુખ્ય માર્ગો ઉપર ચાલી રહેલું પોસ્ટર્સ વોર રાજકીય કાર્યકરોની સાથે નાગરિકોમાં ચર્ચાનો વિષય બન્યું છે.**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

ભાજપના સંગઠનની સંરચના અંતર્ગત તાજેતરમાં મંડલ અને તાલુકા પ્રમુખોની વરણી કરવામાં આવી છે. મહેસાણા જિલ્લામાં વડનગર તાલુકા ભાજપની વરણીને લઈ સ્થાનિક કક્ષાએ વિરોધ થયા બાદ કડી તાલુકામાં પણ પોસ્ટર્સ વોર શરૂ થયુ છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ધારાસભ્ય કરશન સોલંકીના સમર્થકો વચ્ચે પોસ્ટર્સ વોર શરૂ થતાં મામલો ભારે ચર્ચાસ્પદ બન્યો છે. કડી તાલુકા અને શહેર ભાજપનો જૂથવાદ ચરમસીમાએ પહોંચતાં તેની આગ જિલ્લા ભાજપ અને પ્રદેશ ભાજપને દઝાડે તેવી સંભાવના છે.

તાજેતરમાં કડી તાલુકા ભાજપ પ્રમુખ તરીકે શૈલેષ ઠાકોર અને શહેર ભાજપ પ્રમુખ તરીકે જિજ્ઞેશ પટેલની વરણી કરવામાં આવી છે. વરણી થયા બાદ શહેર ભાજપ પ્રમુખ જિજ્ઞેશ પટેલને અભિનંદન આપતા કડી શહેરમાં પોસ્ટર્સ લાગ્યા છે.

આ પોસ્ટર્સમાં ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો ફોટો મૂકવામાં આવ્યો છે. જ્યારે તાલુકા ભાજપ પ્રમુખ શૈલેષ ઠાકોરને અભિનંદન નહી આપીને ધારાસભ્ય કરશન સોલંકીનો ફોટો મૂકવામાં આવ્યો નથી. તેના કારણે નવા વરાયેલા તાલુકા ભાજપ પ્રમુખ અને ધારાસભ્યોના સમર્થકોએ નારાજ થઈને પોસ્ટર્સ વોર શરૂ કર્યુ છે. જેમાં નવા વરાયેલા તાલુકા અને શહેર ભાજપ પ્રમુખને અભિનંદન આપી ધારાસભ્ય કરશન સોલંકીનો ફોટો



મૂકીને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો ફોટો મૂકવાનું ટાળ્યુ છે. કડી શહેરના મુખ્ય માર્ગો ઉપર ચાલી રહેલું પોસ્ટર્સ વોર રાજકીય કાર્યકરોની સાથે નાગરિકોમાં ચર્ચાનો વિષય બન્યું છે.

કડી શહેર અને તાલુકા સંગઠન, સહકારી સંસ્થાઓ તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં વર્ચસ્વ જાળવી રાખવા પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે અને વર્ચસ્વ જમાવવા ધારાસભ્ય કરશન સોલંકી જૂથ વચ્ચે કોલ્ડ વોર ચાલી રહ્યુ છે. કડી એપીએમસીની ચૂંટણીથી શરૂ થયેલું કોલ્ડ વોર સંગઠનની સંરચનામાં ચરમસીમાએ પહોંચ્યુ છે. શહેર અને તાલુકા સંગઠનમાં પોતાના માણસોને ગોઠવવા માટે બંને નેતાઓએ જિલ્લા અને પ્રદેશ ભાજપ સુધી જોર લગાવ્યુ હતુ. તેના પગલે પ્રદેશ ભાજપે શહેર ભાજપ પ્રમુખ તરીકે નીતિન પટેલના માણસની તેમજ તાલુકા ભાજપના પ્રમુખ તરીકે ધારાસભ્યના માણસની વરણી કરી છે. વરણી થયા બાદ અભિનંદન આપવા બાબતે પોસ્ટર્સ વોર શરૂ થતાં કડી ભાજપમાં જૂથવાદ ખુલીને બહાર આવ્યો છે.

કડી શહેર અને તાલુકા ભાજપના સંગઠનની સંરચના સમયે ભાજપના જૂથવાદની સાથે જાતિવાદ પણ બહાર આવ્યો છે. પાટીદાર અને ઠાકોર સમાજની બહુમતી ધરાવતા કડી શહેર પ્રમુખ તરીકે પાટીદાર સમાજના અગ્રણીની વરણી થાય તો તાલુકા પ્રમુખ તરીકે બક્ષીપંચ સમાજના આગેવાનની વરણ કરવા ઠાકોર સમાજના પ્રમુખની માગણી કરી હતી. તાલુકા ભાજપ પ્રમુખ તરીકે ધારાસભ્યના માણસની વરણી ન થાય તો ૧ હજાર કાર્યકરોએ રાજીનામા આપવાની ચીમકી પણ આપી હતી. જો કે, કડી પંથકમાં જૂથવાદની આગ પ્રદેશ સુધી પહોંચે તે પહેલાં પ્રદેશ ભાજપે બંને સમાજ વચ્ચે બેલેન્સ કરવા તાલુકા ભાજપ પ્રમુખ તરીકે ઠાકોર સમાજના આગેવાનની વરણી કરવાની ફરજ પડી હતી.



**બેસ્ટ ભાવ રૂ. ૪૪૫૦થી ૪૫૫૦, મીડિયમ ભાવ રૂ. ૪૪૦૦થી ૪૪૫૦ અને એવરેજ સુધી**

## ઊંઝા ગંજબજારમાં દૈનિક જીરાની સાત હજાર બોરીની આવક નોંધાઈ, વરિયાળીની પણ આવક

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

ઊંઝા ગંજબજારમાં દૈનિક જીરાની ૭૦૦૦ બોરીની આવક જોવા મળી છે. સુપર ભાવ મણે રૂ. ૪૫૫૦થી ૪૬૦૦, બેસ્ટ ભાવ રૂ. ૪૪૫૦થી ૪૫૫૦, મીડિયમ ભાવ રૂ. ૪૪૦૦થી ૪૪૫૦ અને એવરેજ સુધી રૂ. ૪૩૫૦થી ૪૪૦૦ અને ચાલુ ભાવ રૂ. ૪૨૦૦થી ૪૩૫૦ સુધીના જોવા મળ્યા હતા. તો ઊંઝા ગંજબજારમાં દૈનિક વરીયાળી આવક ૩૦૦૦ બોરી જોવા મળી છે. જેનો સુપર ગ્રીન ભાવ મણે રૂ. ૪૫૦૦થી ૫૦૦ અને બેસ્ટ ગ્રીન મણના ભાવ રૂ. ૩૫૦૦થી ૪૫૦૦ અને મીડિયમ ભાવ રૂ. ૨૫૦૦થી ૩૫૦૦ તેમજ એવરેજ ભાવ રૂ. ૨૦૦૦થી ૨૫૦૦ સુધીના જોવા મળ્યા હતા. જયારે એક્સપોર્ટ ક્વોલિટી વરીયાળી બજાર મણે સુપર ભાવ રૂ. ૧૬૫૦થી ૧૭૫૦, બેસ્ટ ભાવ રૂ. ૧૫૫૦થી ૧૬૫૦, મીડિયમ ભાવ રૂ. ૧૫૦૦થી ૧૫૫૦ અને એવરેજ ભાવ પ્રતિ



મણે રૂ. ૧૪૫૦થી ૧૫૦૦ સુધીના જોવા મળ્યા છે.


તલ આવક દૈનિક ૮૦૦ બોરી જોવા મળી છે. ભાવમાં મણે સુપર કિરાણા રૂ. ૨૫૫૦થી ૨૭૫૦ બેસ્ટ, રૂ. ૨૩૫૦થી ૨૪૫૦ અને મીડિયમ ભાવ રૂ. ૨૨૫૦થી ૨૩૫૦ તેમજ ચાલુ ભાવ રૂ. ૨૦૦૦થી ૨૧૫૦ સુધી જોવા મળ્યા હતા. તો ઈસબગૂલ આવક ૭૦૦ બોરી મણના ભાવ રૂ. ૨૩૫૦થી ૨૫૦૦, ફોરેન બેસ્ટ ૨૩૦૦થી ૨૩૫૦ અને ચાલુ ભાવ રૂ. ૧૮૦૦થી ૨૦૦૦ સુધીના જોવા મળ્યા હતા. અજમો આવક ૭૦૦ બોરી અને ભાવમાં મણે રૂ. ૨૫૦૦થી ૩૦૦૦ બેસ્ટ ભાવ રૂ. ૨૦૦૦થી ૨૫૦૦ મીડિયમ ભાવ રૂ. ૧૪૦૦થી ૨૦૦૦ અને એવરેજ ભાવ રૂ. ૧૩૦૦થી ૧૪૦૦ સુધીના જોવા મળ્યા હતા.

## મહેસાણામાં વાતાવરણમાં આવેલા પલટાના કારણે ઠંડીનું પ્રમાણ ઘટ્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

મહેસાણામા પાછલા પાંચ દિવસ દરમિયાન વાતાવરણ માં આવેલા પલટા ને કારણે વાતાવરણ ધુમમ્સમય બન્યું હતું.જેના કારણે ઠડીનું પ્રમાણ ઘટ્યું હતું.જોકે આજે વાદળા ખસતા ક્યાયક ને ક્યાંક ઠડી નું પ્રમાણ ફરી જોવા મળી રહ્યું છે.

મહેસાણામા પાછલા દિવસોમાં ઠડીનું તાપમાન નહીવત જોવા મળ્યું હતું.જ્યારે આજે સવારે ૯ કલાક



દરમિયાન ઠડી નું પ્રમાણ ૧૬ ડીગ્રી નોંધાઈ હતી.આજે સવારે પણ ઠડી નો ચમકારો લોકોએ અનુભવ્યો હતો.ત્યારે હજુ પણ કેટલાક પ્રમાણમાં વાતાવરણ ધૂમમ્સ મય જોવા મળી રહ્યું છે.

**ફરારી ભૂપેન્દ્ર ઝાલાને આશરો આપનાર કિરણસિંહને પણ પોલીસે સકંજામાં લીધા**

## પોન્ઝી સ્કીમ ચલાવી કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવનાર મહાકૌભાંડી ભૂપેન્દ્ર ઝાલાના ૭ દિવસના રિમાન્ડ મંજૂર



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

ગુજરાતના હિંમતનગરથી પોન્ઝી સ્કીમ ચલાવી કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવનાર મહાકૌભાંડી ભૂપેન્દ્રસિંહ ઝાલાના ૭ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે. CID ક્રાઈમે મહાકૌભાંડી ભૂપેન્દ્રસિંહ ઝાલાને કોર્ટમાં રજૂ કરીને ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરી હતી. પરંતુ મેજિસ્ટ્રેટ કોર્ટે શનિવાર સાંજ સુધીના રિમાન્ડ મંજૂર રાખ્યા છે. આ સાથે જ સીઆઈડીની પૂછપરછમાં અનેક મોટા ખુલાસા થાય તેવી પુરેપુરી શક્યતા છે.

સીઆઈડી ક્રાઈમ આશરો આપનારા કિરણ ચૌહાણના રાજકીય કનેકશનની પણ તપાસ કરી રહી છે.

તમને જણાવી દઈએ કે પોન્ઝી સ્કીમ ચલાવી ભૂપેન્દ્રસિંહ ઝાલાએ ૬ હજાર કરોડનું કૌભાંડ આચર્યું હતું અને એક મહિનાથી ફરાર હતો. સીઆઈડી ક્રાઈમે મહેસાણાના દવાડા ગામના એક ફાર્મમાં દરોડો પાડી ઝાલાને દબોચી લીધો હતો. ભુપેન્દ્ર ઝાલાને શુક્રવારે રાત્રિના CID ક્રાઈમે ધરપકડ કરી હતી. આજે ગાંધીનગર હોસ્પિટલમાં ભુપેન્દ્ર ઝાલાનું મેડિકલ કરાવ્યા બાદ આજે ૧૪ દિવસના રિમાન્ડની માગણી સાથે મેજિસ્ટ્રેટના નિવાસસ્થાને રજૂ કરવામાં આવ્યો હતો. જયાં લાંબી દલીલો બાદ ભૂપેન્દ્રના ૭ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

મહેસાણાના દવાડા નજીક તેના જ ફાર્મ હાઉસ ઉપરથી ઝડપાઈ ગયો છે. ભવાની સેના ગુજરાત અધ્યક્ષ એવા કિરણસિંહ ચૌહાણને પણ તેને આશરો આપવા બદલ તેના જ ફાર્મ હાઉસ ઉપરથી દબોચી લીધો છે.

સીઆઈડી ક્રાઈમે ભુપેન્દ્ર ઝાલા બાદ કિરણસિંહ ચૌહાણની અટકાયત કરી છે. કિરણસિંહ પોન્ઝી સ્કીમ કૌભાંડમાં સામેલ છે કે કેમ તેની તપાસ થશે. ભૂપેન્દ્ર ઝાલાની મદદગારી બદલકિરણસિંહની ધરપકડ થઈ શકે છે. હાલમાં કિરણસિંહની ક્રાઈમ બ્રાન્ચે શરણ આપવા બદલ અટકાયત કરી છે.

### કેવી રીતે પકડાયો કૌભાંડી

કૌભાંડી ઝાલાને પકડવા સીઆઇડી ક્રાઈમે ચાર દિવસથી મહેસાણામાં કેમ્પ કર્યો હતો. ચાર દિવસ દરમ્યાન સીઆઇડી ક્રાઈમે વેશ પલટો કર્યો હતો. સીઆઇડી ક્રાઈમે વેશ પલટો કરી ભુપેન્દ્ર ઝાલા ની સાથે કિરણસિંહને દબોચ્યો છે. કિરણસિંહનો વારંવારનો સંપર્ક ભુપેન્દ્ર ઝાલાના મળતીયાઓ સાથે હતો. આમ, કિરણસિંહના સંપર્કે સીઆઇડી ક્રાઈમને ભુપેન્દ્ર ઝાલા સુધી પહોંચાડ્યો હતો.

### મોડી રાત સુધી થઈ કૌભાંડીની પૂછપરછ

બી ઝેડ કૌભાંડમાં ઠગ ભુપેન્દ્રસિંહ ઝાલાની ધરપકડ બાદ મોડી રાત સુધી તેની પૂછપરછ કરાઈ હતી. ડિઆઈજી પરિક્ષીતા રાઠોડ, એસપી હિમાંશુ વર્મા સહીત અધિકારીઓએ કડક પૂછપરછ કરી હતી. તેના સંપર્કમાં રહેલા એજન્ટો અને પિતાનાં સંપર્ક બાબતે પ્રશ્નો પૂછાયા હતા. તો ભુપેન્દ્રસિંહે લોકો પાસેથી લીધેલા નાણાંના રોકાણ અને વિગતો બાબતે કરી તપાસ કરાઈ. નાણાંનું રોકાણ ક્યાં થયું અને લોકોને વ્યાજ ચૂકવવા સહિતની બાબતો પર સવાલો કરાયા હતા. મોડી રાત્રે પૂછપરછ બાદ કસ્ટડીમાં સેક્ટર ૭ પોલીસ મથકમાં મોકલી અપાયો હતો.

### ધર્મના ભાઈના ફાર્મહાઉસમાં છુપાયો હતો ઠગ

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, મહેસાણાના જે ફાર્મહાઉસમાંથી કૌભાંડી ઝડપાયો તે ભુપેન્દ્ર ઝાલાની જે યુવતી જોડે સગાઈ થવાની હતી તેના ભાઈનું ફાર્મ હાઉસ છે. ભૂપેન્દ્રસિંહ ઝાલા મહેસાણાના દવાડા ફાર્મ હાઉસ ઉપર ૧૦ દિવસ રોકાયો હતો. યુવતી ફાર્મ હાઉસમાં ધર્મના ભાઈ પાસે ભુપેન્દ્ર ઝાલા માટે સલાહ લેવા પહોંચી હતી. ભુપેન્દ્ર ઝાલા માટે સલાહ લેવા જનાર યુવતી પણ પી.આઇ. હોવાની માહિતી મળી, જોકે આ અંગે કોઈ પુષ્ટિ થઈ નથી. ભૂપેન્દ્રિસંહ ઝાલા જે ફાર્મ હાઉસમાં છુપાયો ત્યાં ચૌહાણ કિરણસિંહ આર નામના વ્યક્તિનું આ ફાર્મ હાઉસ છે. કિરણસિંહ ચૌહાણ રાજકીય ઘરોબો ધરાવે છે. જો કે ભુપેન્દ્ર ઝાલા સાથે આ વ્યક્તિ જોડાયો છે કે નહી તે તપાસનો વિષય છે. હાલ પોલીસે તેની અટકાયત કરી છે.

### જૂની ઓરડીમાં બધો નવો સામાન લાવવામાં આવ્યો

BZ પોન્ઝી સ્કીમ કૌભાંડ મામલામાં એક પછી એક મોટા ખુલાસા થઈ રહ્યાં છે. ભૂપેન્દ્ર ઝાલાએ જે ફાર્મ હાઉસની જે નાનકડી ઓરડીમાં આશ્રય લીધો હતો, ત્યાંથી ખાલી દારૂની બોટલ પણ મળી આવી છે. સ્થળની સ્થિતિ જોતા લાગી રહ્યું છે કે અહીંયા રાત્રે દરમિયાન પાર્ટી પણ યોજાઈ હોઈ શકે છે. ફાર્મ હાઉસના અંદર ના દ્રશ્યો જોતા ભુપેન્દ્ર ઝાલા માટે સ્પેશિયલ વ્યવસ્થા કરવામાં આવી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા છે.

ટીવી, ઈન્ટરનેટ સુવા માટે ખાસ વ્યવસ્થા અને બહાર નવાબી બેઠક જોવા મળી. ફાર્મ પર વાઈફાઈની સુવિધા, નવું ટીવી, નવું ફ્રીજ બે બેડ સમગ્ર આ વસ્તુઓ નવી જ રૂમમાં જોવા મળી. જે ખાસ મંગાવવામાં આવ્યા હોય તેવું સ્પષ્ટ દેખાયું. દવાડા કિરણસિંહ ના ફાર્મ હાઉસ ઉપર ભુપેન્દ્ર ઝાલા ૧૦ દિવસ રોકાયો હતો. ત્રણ તબક્કામાં ભુપેન્દ્ર ઝાલા ૧૦ દિવસ જેટલો સમય ફાર્મમાં રોકાયો હતો.




# ઈતિહાસમાં જરૂરી સુધાર પર નિમ્ન રાજકારણ

વાસ્તવિક ઈતિહાસબોધ રાષ્ટ્રની વિશેષ શક્તિ હોય છે. સાચો ઈતિહાસબોધ રાષ્ટ્રબોધ જગાવે છે. બાળકોને વાસ્તવિક ઈતિહાસબોધનું શિક્ષણ આપવું રાષ્ટ્ર રાજ્યનું કર્તવ્ય છે. રાષ્ટ્રીય શૈક્ષણિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરિષદ એટલે કે એનસીઈઆરટીએ સમ્યક વિચાર કર્યા બાદ દસમા, અગિયારમા અને બારમા ધોરણ માટે ઈતિહાસનાં પુસ્તકોનો અભ્યાસક્રમ સંશોધિત કર્યો છે. એના પર વિવાદ થઈ ગયો છે. કોંગ્રેસ, માકપા અને શિવસેના (ઉદ્ધવ) સહિત કેટલાય વિપક્ષોએ અભ્યાસક્રમમાં સંશોધન પર આકરો વિરોધ કર્યો છે. વિશેષ કરીને મુગલ સામ્રાજ્ય, દિલ્હી દરબાર, અકબરનામા, બાદશાહનામા અને કેટલાક રાજકીય પક્ષોના ઉદયવાળા અંશ વિવાદનો વિષય બન્યા છે. મુગલ શાસકો અને તેમના સામ્રાજ્ય, હસ્તપ્રતોની રચના, રંગચિત્રણ, રાજધાનીઓ, દરબાર, ઉપાધિઓ અને ઉપહાર, શાહી પરિવાર, શાહી મુગલ અભિજાત્ય વર્ગવાળા અંશો યોગ્ય રીતે જ હટાવ્યા છે.

માર્ક્સવાદી ઈરફાન હબીબ સહિત કેટલાય ઈતિહાસકારોએ સંશોધનના વિરોધમાં હસ્તાક્ષર અભિયાન ચલાવ્યું છે. તેમાં તેઓ ભાજપની વિચારધારા શોધી રહ્યા છે. મલ્લિકાર્જુન ખડગે કહી રહ્યા છે કે ઈતિહાસને બદલવાની કોશિશ થઈ રહી છે. સાચાને ખોટું અને ખોટાને સાચું ગણાવાય છે. સપા સાંસદ શફીકુર્રહમાન બર્ક અને કપિલ સિબ્બલ પણ વિરોધ કરી ચૂક્યા છે. માકપા નેતા સીતારામ યેચુરીએ પણ એનસીઈઆરટીના નિર્ણયને સાંપ્રદાયિક ગણાવ્યો. જ્યારે કેટલાય શિક્ષણવિદો અને નેતાઓએ એનસીઈઆરટીની પહેલનું સમર્થન કર્યું છે. એનસીઈઆરટી નિર્દેશકે આ ચર્ચાને બિનજરૂરી ગણાવતાં કહ્યું કે, 'વિશેષજ્ઞ સમિતિએ ભલામણ કરી હતી કે એવા અધ્યાયોને હટાવવાથી બાળકોના જ્ઞાન પર કોઈ અસર નહીં પડે. તેથી એક બિનજરૂરી બોજ હટાવી શકાય છે.'

ઈતિહાસ સર્વોચ્ચ માર્ગદર્શક હોય છે. વિકૃત ઈતિહાસ પરાક્રમી રાષ્ટ્ર માટે નુકસાનકારક હોય છે. દેશમાં ઈતિહાસના પ્રતિષ્ઠિત નાયકોની ઉપેક્ષાની વાત થતી રહી છે. સુહેલ દેવ અને માર્તંડ વર્મા જેવા પ્રેરક વ્યક્તિત્વો ઈતિહાસમાંથી ગાયબ છે. ભારતવાસીઓ પર ઈતિહાસની ઉપેક્ષાના આરોપ લગાવાતા રહ્યા છે. અલ બરુનીએ કહ્યું હતું કે, 'હિંદુ ઘટનાઓના ઐતિહાસિક ક્રમ પર ધ્યાન નથી આપતા. તેઓ પોતાના સમ્રાટોના કાળક્રમાનુસાર વર્ણનમાં લાપરવાહ છે. એ જ રીતે એલ્ફિંસ્ટનને સિકંદરનાપહેલાં કોઈપણ ઘટનાનો નિશ્ચિત સમય નથી દેખાતો.' જોકે, સત્ય જુદું જ છે. ગાંધીજી પણ રાજાઓના વિવરણને સાચો ઈતિહાસ નહોતા માનતા. તેમણે 'હિંદ સ્વરાજ'માં લખ્યું, 'ઈતિહાસ જે અંગ્રેજી શબ્દ હિસ્ટ્રીનો અનુવાદ છે અને જે શબ્દનો અર્થ બાદશાહો કે રાજાઓની તવારીખ હોય છે. હિસ્ટ્રીમાં દુનિયાના કોલાહલની જ કહાની છે. રાજા લોકો કેવી રીતે ખેલ કરતા હતા. કેવાં વેર રાખતા હતા. આ બધું હિસ્ટ્રીમાં મળે છે.' એ યોગ્ય નથી કે ભારતના લોકો ઈતિહાસની ઉપેક્ષા કરતા હતા. દેશમાં ઈતિહાસ સંકલનની પોતાની પરંપરા રહી છે. અમરકોશ અનુસાર ઈતિહાસનું નામ 'પુરાવૃત્ત' હતું. વિશ્વામિત્રએ શ્રીરામને પુરાવૃત્ત સંભળાવ્યું હતું.

બાળકો ભારતનું ભવિષ્ય છે. તેમને વિકૃત ઈતિહાસ ભણાવવો ખતરનાક છે. ઈતિહાસના પાઠોની રચના સતર્કતાપૂર્વક કરવી જોઈએ. એનસીઈઆરટીનો નિર્ણય આ દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. આખરે બાળકોને વિશ્વ રાજનીતિમાં અમેરિકી દબદબો ભણાવવાનો શો મતલબ, જ્યારે તે તો એક વિચાર માત્ર છે. ઐતિહાસિક તથ્ય પણ નથી. કથિત હિંદુ ચરમપંથીઓની ગાંધીજી પ્રત્યે નફરત પણ એક કલ્પના છે. તેને હટાવવા સર્વથા યોગ્ય જ છે. બેશક ભારતમાં વિવિધ રાજકીય વિચારધારાઓ છે. બધાને પોતાની વિચારધારા અનુસાર લોકમત બનાવવાનો અધિકાર છે, પરંતુ પોતાના મનનો ઈતિહાસ ઘડવો અને ભણાવવો અયોગ્ય છે. ડાબેરી ઈતિહાસકારોએ ઈતિહાસનું વિકૃતીકરણ કર્યું છે. એમ પણ, એનસીઈઆરટીનું આ પગલું પહેલું નથી. ૨૦૦૨માં પણ ઈતિહાસના વિષયવસ્તુને લઈને રાજકીય આરોપો લાગ્યા. એ સમયે કેન્દ્ર સરકાર પર શિક્ષણ અને ઈતિહાસના 'ભગવાકરણ'નો આરોપ લગાવવામાં આવ્યો હતો.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ગામડાઓ સમૃદ્ધ થઈ રહ્યા છે કે મોંઘવારી હવે ત્યાં પણ પહોંચી શકે છે?

# હવે ગામડામાં રહેવું પણ મોંઘુ! ખાદ્ય ખર્ચ વધવા લાગ્યો

**શહેરી અને ગ્રામીણ ક્ષેત્રમાં ખાદ્ય ખર્ચનો ગેપ એક દશકામાં ૧૪% ઘટયોઃ પ્રતિ વ્યક્તિ એકંદરે ખર્ચમાં પણ ગ્રામીણ ક્ષેત્રનો વધારો વધુઃ રાષ્ટ્રીય સર્વે**

**ગ્રામીણ ખર્ચમાં રાષ્ટ્રીય સરેરાશ કરતા ગુજરાત સહિતના રાજ્યો મોખરેઃ જો કે પ.બંગાળ-ઓડિસા-બિહાર-યુપી સહિતના રાજ્યોમાં હજું 'ગરીબી'માં ફર્ક પડયો નથી**

નવી દિલ્હીઃ

દેશમાં ગ્રામીણ ક્ષેત્ર અને શહેરી વિસ્તારો વચ્ચે આવકની સુવિધા અંગે સતત તુલના થતી રહે છે પણ હવે વિકસીત ભારત ભણી આગળ વધવાની સાથે ગ્રામીણ ક્ષેત્રો પણ અનેક રીતે આવક અને સુવિધામાં તાલ મિલાવી રહ્યા છે. તેઓએ હાલમાં જ કરવામાં આવેલા એક સર્વેમાં ગ્રામીણ અને શહેરી ક્ષેત્ર વચ્ચે ખર્ચની અસમતુલા જે લાંબા સમયથી ચાલી રહી છે.



તેમાં બન્ને વચ્ચેનો ગેપ (તફાવત) ઘટી રહ્યો હોવાના 'સારા' સંકેત છે. ૨૦૨૩-૨૪ના આંકડા કહે છે કે હવે ગ્રામીણ અને શહેરી ક્ષેત્રમાં ખાસ કરીને ખાદ્ય ખર્ચનો તફાવત ૨૦૧૧-૧૨માં જે ૮૪% હતો તે ૨૦૨૩/૨૪માં ૭૦% થયો છે. કેન્દ્રના સ્ટેટેસ્ટીક અને પ્રોગ્રામ અમલીકરણ મંત્રાલય આ દ્વારા આ સર્વે કરવામાં આવ્યો હતો.

જો કે અર્થશાસ્ત્રીઓ કહે છે કે આ ગેપ જે ઘટયો છે તે ખાદ્ય ચીજોના જે ભાવ મળ્યા છે. તેની અસર પણ ગણી શકાય તેમ છે. જો આંકડા પર જઈએ તો ગ્રામીણ ક્ષેત્રમાં ફુડ-બાસ્કેટ (ખાદ્ય ચીજોનો વપરાશ) ૨૦૨૨/૨૩માં ૪૬.૩૮% હતો જે ૨૦૨૩/૨૪માં વધીને ૪૭.૦૪% થયો છે. જયારે શહેરી ક્ષેત્રમાં આ ખર્ચ જે ૩૯.૧૭% હતો તે ૩૯.૬૮% થયો છે.

હાઉસ હોલ્ડ કન્ઝમ્પશન એકસપેન્ડીચર સર્વેના આંકડા દર્શાવે છે કે ગ્રામીણ અને શહેરી ક્ષેત્ર વચ્ચે માસીક વપરાશ ખર્ચનો તફાવત ૨૦૧૧/૧૨માં ૮૩.૯% હતો તે ૨૦૨૩/૨૪માં ૬૯.૭% થયો છે. આમ ગ્રામીણ ક્ષેત્રમાં પણ હવે લોકોની ખાદ્ય- જીવન ધોરણ ખર્ચ વધી ગયો છે.

આ આંકડા દર્શાવે છે કે બન્ને ક્ષેત્ર વચ્ચેના વ્યક્તિગત ખર્ચમાં પણ વધારો થયો છે. ૨૦૧૧/૧૨માં ગ્રામીણ ક્ષેત્રમાં પ્રતિબંધીત ખર્ચ રૂા.૧૪૩૦ જેવો હતો જે હવે ૨૦૨૩/૨૪માં રૂા.૪૧૨૨ નોંધાયા છે.

આમ ગ્રામીણ જીવન પણ મોંઘુ બની ગયુ છે જયારે શહેરી ક્ષેત્રમાં ૨૦૧૧/૧૨માં આ ખર્ચ રૂા.૨૬૩૦ હતો જે ૨૦૨૩/૨૪માં વધીને રૂા.૬૯૯૬ થઈ ગયો છે પણ બન્ને વચ્ચેની ખર્ચની ગતિમાં ગ્રામીણ ક્ષેત્ર લીડ કરી રહ્યું છે.

જો કે બન્ને ક્ષેત્રોમાં નોન-ફુડ ખર્ચમાં ગ્રામીણ ક્ષેત્રમાં ૫૨.૯૬% અને શહેરી ક્ષેત્રમાં ૬૦.૩૨% રહ્યો છે. આ ખર્ચને તબીબી ખર્ચ, કપડા, રોજીંદા વપરાશની ચીજો વિ.નો સમાવેશ થાય છે.

ઉંચા ખર્ચમાં પશ્ચિમ અને ઉતર ભારતના રાજયો અગ્રણી છે અને તેમાં રાષ્ટ્રીય સરેરાશથી પણ ઓછો ખર્ચ પશ્ર્ચીમ બંગાળ, ઓડિસા, બિહાર, આસામ, ઉતરપ્રદેશ, મધ્યપ્રદેશ, ઝારખંડ, ઉતીસગઢનો સમાવેશ થાય છે.

જેની સામે ગુજરાત, મહારાષ્ટ્ર, પંજાબ, તામિલનાડુ, તેલંગાણા, કેરાળા, કર્ણાટક, હરીયાણા, આંધ્રપ્રદેશમાં રાષ્ટ્રીય સરેરાશ કરતા શહેરી ખર્ચમાં ઓછો ખર્ચ થાય છે જયારે ગ્રામીણ ક્ષેત્રોમાં રાષ્ટ્રીય સરેરાશથી વધુ ખર્ચ થાય છે.

## રીક્ષામાં મીટર ન હોય તો દંડ થવાના નિયમ સામે યુનિયને હાઇકોર્ટમાં રીટ પિટિશન દાખલ કરી

# અનેક પ્રકારના પેસેન્જર વાહન છે, ફક્ત રીક્ષા ચાલકો પર જ આ નિયમ કેમ? : ઓટો રીક્ષા યુનિયન

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૮

અમદાવાદ અને વડોદરા શહેરના ઓટો રીક્ષા યુનિયનો દ્વારા હાઈકોર્ટ ઓફ ગુજરાત ખાતે રીટ પિટિશન દાખલ કરી છે. ગુજરાત રાજય ખાતે ઓટો રિક્ષામાં લગાવવામાં આવતા ફલેગ મીટર ન લગાડતા કરવામાં આવતા દંડને રદ કરવા અરજી કરવામાં આવી છે. આ અરજીમાં રજુઆત કરવામાં આવી છે કે, ફકત ઓટો રીક્ષામાં જ ફલેગ મીટર લગાડવાનો કાયદો છે.



જે ઓટો રીક્ષા ચાલકોના બંધારણીય અધિકાર આર્ટિકલ ૧૪નો ભંગ છે. કાયદા મુજબ દરેક પ્રકારના પરમિટવાળા ટ્રાન્સપોર્ટ પરમિટવાળા વાહનો જેમાં ટુ વ્હિલર, થ્રી વ્હિલર, ટેકસી મેકસી કેબ, બસ, લકઝરી અને ભારવાહક હેવી વાહનોમાં પણ કિલોમીટર માપવા અલાયદુ મીટર હોવું જોઈએ. જે પ્રજા હિતમાં છે.

પરંતુ ફકત ઓટોરીક્ષા ચાલકો ઉપર આ કાયદાની અમલવારી અને દંડ રાજય સરકારની ભેદભાવ ભરી નિતી દર્શાવે છે. તોલમાપ વિભાગની માહિતી મુજબ તોલમાપમાં વિભાગ દ્વારા ફક્ત ઓટો રીક્ષાના જ ફલેગ મીટરની ચકાસણી અને કેલિબ્રેશન કરવામાં આવતું હોય છે. જે દર્શાવે છે કે, આ પ્રકારનો નિયમ ફક્ત ઓટો રિક્ષા ચાલક ઉપર જ લાગુ કરવામાં આવેલ છે.

ઓલા, ઉબેર, રેપિડો અને અન્ય આ જ પ્રકારની સેવા આપતી કંપનીઓ દ્વારા પણ મીટરનો ઉપયોગ કરવામાં આવતો નથી. તેમની વિરુદ્ધ પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

પોલીસ કમિશનર અમદાવાદ અને કાલુપુર પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેકટર દ્વારા આપવામાં આવેલા કચેરી હુકમ કે જેમાં તા.૧/૧/૨૦૨૫થી ઓટો રિક્ષામાં ફલેગ મીટર લગાવવાનું ફરજિયાત હોય તેમજ ફલેગ મીટર ન લગાવેલ કે બગડેલ હોય તો ઓટો રીક્ષા ચાલકો સામે કાર્યવાહી કરવા બાબતે પોલીસ દ્વારા ચેતવણી આપવામાં આવી છે. એ પરત્વે પોલીસને કોઈ પણ પ્રકારની દંડકીય કાર્યવાહી ન કરવા અને આ પ્રકારના દંડને રદ કરવા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવેલ છે.

આ અરજી કરતા પહેલા પોલીસ કમિશનર દ્વારા જયારે નોટિસ આપવામાં આવી ત્યારે તે બાબતે વાંધા અરજી પણ આપેલ હતી. જેમાં આક્ષેપ કરવામાં આવેલ કે, પોલીસ દ્વારા કાયદાની સમજ લીધા વગર ફલેગ મીટર કંપનીઓને ફાયદો કરાવવા માટે આ પ્રકારની ચેતવણી આપવામાં આવે છે. જયારે કે આ જ બાબતે યુનિયન દ્વારા હાઈકોર્ટમાં ઓટો રિક્ષાના ભાડા, મીટર અને કલર બાબતેના કાયદાઓને પહેલાથી જ પડકારવામાં આવેલ છે.

જે બાબતે હાઈકોર્ટ દ્વારા વર્ષ ૨૦૨૦ માં જવાબદાર વિભાગોને નોટિસ આપવામાં આવેલ હતી. યુનિયને જણાયું કે, રાજય સરકાર માટે આ બાબત શરમજનક છે કે, નાની બાબતોમાં પણ ઓટો રિક્ષા ચાલકોને ન્યાય મેળવવા હાઈકોર્ટનો સહારો લેવો પડે છે.

## આ પ્રશ્નપત્ર ૨૦૨૧થી સોશિયલ મીડિયા વેબ બ્લોગ પોસ્ટ પર ઉપલબ્ધ હતું અને આ બ્લોગ ફિશરીઝના પ્રોફેસર હિમતનગરથી ચલાવે છે : જાડેજા

# કામધેનુ યુનિવર્સિટી ફરી વિવાદમાં : સ્પર્ધાત્મક પરીક્ષાનું ૨૦૨૧નું પેપર ધાબડી દેવાયું : છબરડો, સંયોગ કે બીજુ કંઇ?

અમદાવાદ,તા.૨૮

ગુજરાતમાં અવાર નવાર પરીક્ષામાં ગેરરીતિ અને ગોટાળાની ઘટનાઓ સામે આવતી હોય છે ત્યારે આજે વધુ એક પરીક્ષામાં ગેરરીતીનો મામલો સામે આવ્યો છે આ મામલે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહે મોટો ધડાકો કર્યો છે. જેમાં અવાર નવાર વિવાદમાં રહેતી કામધેનુ યુનિવર્સિટી પર છબરડાના આક્ષેપ કર્યા છે.




વિદ્યાર્થી નેતા યુવરાજસિંહે ટ્વિટ કરી જણાવ્યું કે, આજથી ૯ મહિના પહેલા એટલે કે ૧૨/૦૩/૨૦૨૪ એ કામધેનુ યુનિ. દ્વારા અલગ અલગ સંવર્ગની ભરતી જાહેરાત બહાર પાડવામાં આવેલ ૧૫/૦૩/૨૦૨૪ થી ફોર્મ ભરવાની શરૂઆત થઈ હતી.

જેમાં એક સંવર્ગની જગ્યાનું નામ હતું સિનિયર રિસર્ચ આસિસ્ટન્ટ (ફિશરીઝ) વર્ગ ૩. (પોસ્ટ/વેકેન્સી-૧) આ સરકારી કાયમી નોકરી છે અને તેનો પગાર ધોરણ ૪૯૬૦૦ છે. અત્રે ઉલ્લેખનીય છે કે સિનિયર રિસર્ચ આસિસ્ટન્ટ નું પ્રમોશન મદદનીશ પ્રાધ્યાપક માં થાય છે કે જે યુનિવર્સિટીમાં એક પ્રતિષ્ઠિત પદ છે.

ત્યારે આ પદ માટે સેંકડો ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જેમાં ચોંકાવનારી અને અજીબ વાત એ છે કે, આ પરીક્ષામાં ૨૦૦ માર્કસ નુ ખઈચ પ્રશ્નપત્ર પૂછવામાં આવ્યું હતુ અને આ આ જ પ્રશ્નપત્ર પહેલાથી એટલે ૨૦૨૧ થી એક સોશિયલ મીડીયા વેબ બ્લોગ પોસ્ટ ઉપર ઉપલબ્ધ હતું.

યુવરાજસિંહે જણાવ્યુ છે કે, આ બ્લોગ ફિશરીઝનાં એક પ્રોફેસર દ્વારા હિંમતનગરથી જ ચલાવવામાં આવે છે. ત્યારે સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે હમણાં થોડા દિવસો પહેલા જ મેરીટ યાદી પણ આવી અને જે વ્યક્તિ મેરીટમાં પહેલા ક્રમાંકે છે તે પણ હિંમતનગરથી છે. હવે આ સંયોગ છે કે શું તે શું ઘણા પ્રશ્નો ઉભા કરી રહ્યા છે.વધુમાં જાણવા મળ્યું છે કે ગુજરાતમાં ત્રણ ફિશરીઝ કોલેજો હોવા છતાં કામધેનું યુનિવર્સીટીનાં યુનિવર્સીટી ભવનમાં એક પણ અધિકારી ફિશરીઝ ફિલ્ડનો નથી. ત્યારે યુવરાજસિંહે સવાલ ઉઠાવ્યા છે કે, ૨૦૨૧ નું પેપર પૂછવાનો મતલબ શું ? શું કામધેનુ યુનિ. પાસે બીજા કોઈ સારા પેપર સેટર જ નથી ? તેમજ જયારે ઉમેદવારો દ્વારા આ છબરડાંની લેખિત રજૂઆત કરવામાં પણ આવી છે તેમ છતા તેની પર તપાસ કરવામા ન આવી.

આ સાથે યુવરાજસિંહે માંગ કરી છે કે, પબ્લિક ડોમીનમાં ૨૦૨૧ નું અપલોડ થયેલા પેપર ૨૦૨૪ માં પુછી પોતાના વાલા દવાલાને પાસ કરવાનું ષડ્યંત્ર તો નથી ચાલતું ને તેની નિષ્પક્ષ તપાસ મત્સ્ય અમે પશુપાલન મંત્રી તથા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરવી જોઈએ. જેથી તથ્ય અને સત્ય સામે આવી શકે અને ઉમેદવારો ને ન્યાય મળે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ) :** વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

**વૃષભ (બ,વ,ઉ) :** દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

**મીથુન (ક,છ,ઘ) :** અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઇ શકે છે.

**કર્ક (ડ,હ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**સિંહ (મ,ટ) :** પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

**કન્યા (પ,ઠ,ણ) :** વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

**તુલા (ર,ત) :** સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

**વૃશ્ચિક (ન,ય) :** જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**મકર (ખ,જ) :** આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.


**કુંભ (ગ,શ,સ) :** વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :** નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

## ફિલ્મી ગપશપ

# 'પાતાલ લોક' સિઝન-૨ તા.૧૭ જાન્યુ. ૨૦૨૫ ના એમેઝોન પ્રાઇમ પર પ્રિમીયર

મુંબઈ : થોડા સમય પહેલાં, ભારતની સૌથી લોકપ્રિય અને રોમાંચક વેબ સિરીઝ પાતાલ લોકની બીજી સીઝનનું પોસ્ટર સોશિયલ મીડિયા પર રિલીઝ કરવામાં આવ્યું હતું. પોસ્ટરમાં જયદીપ અહલાવતનો ખૂબ જ ચોંકાવનારો લુક સામે આવ્યો હતો, જેને જોઈને અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું કે આગામી સિઝન પાછલી સિઝન કરતાં વધુ રોમાંચક રહેવાની છે. તેની આગામી સિઝન ક્યારે આવશે તે જાણવા માટે દરેક લોકો ઉત્સુક હતાં.




ઓટીટી પ્લેટફોર્મ એમેઝોન પ્રાઇમ વિડિયોએ તેની સૌથી લોકપ્રિય વેબ સિરીઝ 'પાતાલ લોક'ની બીજી સીઝનના પ્રીમિયરની તારીખ જાહેર કરી છે. આ ક્રાઈમ ડ્રામા સીરિઝ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫થી પ્રાઈમ વીડિયો પર પ્રીમિયર થશે. ભારત સહિત ૨૪૦ થી વધુ દેશોમાં પ્રાઈમ વીડિયો પર આ સિરિઝનું પ્રીમિયર થશે.

'પાતાળ લોકની પહેલી સિઝનની શક્તિશાળી વાર્તા અને શ્રેષ્ઠ પાત્રોએ સમાજનું કડવું સત્ય બધાની સામે લાવ્યું હતું, જેનાં કારણે તેને વિવેચકો અને દર્શકો તરફથી ખૂબ પ્રશંસા મળી હતી.'

અવિનાશ અરૂણ ધવરે દ્વારા દિગ્દર્શિત આ સિરિઝનું નિર્માણ ક્લીન સ્લેટ ફિલ્મ્સ પ્રોડક્શન અને યુનોઈયા ફિલ્મ્સ એલએલપી દ્વારા કરવામાં આવ્યું છે. જયદીપ અહલાવત, ઈશ્વાક સિંહ અને ગુલ પનાગ જેવાં પ્રતિભાશાળી કલાકારો 'પાતાલ લોક' સીઝન ૨ માં પાછા ફરશે, જ્યારે તિલોત્તમા શોમ, નાગેશ કુકુનૂર અને જાહનુ બરુઆ જેવાં નવાં કલાકારો પણ આ સિઝનમાં જોવા મળશે.

સુદીપ શર્મા દ્વારા લખાયેલ અને નિર્મિત, ક્રાઈમ ડ્રામાની પ્રથમ સિઝનમાં જયદીપ અહલાવતને હાથી રામ ચૌધરી નામનાં દિલ્હી પોલીસ અધિકારી તરીકે દર્શાવવામાં આવ્યો હતો જે એક પ્રાઈમ ટાઈમ પત્રકારની હત્યાનાં પ્રયાસમાં ચાર શકમંદોને પકડવામાં અને આજીવન કેદની સજાનો કેસ કરે છે.

નવી સીઝનમાં અહલાવત ઈશ્વાક સિંઘ અને ગુલ પનાગની સાથે તેની ભૂમિકા ફરી જોવા મળશે. 'પાતાલ લોક' સિરિઝની પ્રથમ સિઝનને તેની વાર્તા, ચોંકાવનારા ટવીસ્ટ અને ટર્ન્સ અને ઉત્તેજક રોમાંચ માટે લોકોએ ખૂબ વખાણી હતી. તેનો વિચારપ્રેરક પરાકાષ્ઠા પ્રેક્ષકોને ન્યાય અને ભ્રષ્ટાચાર વચ્ચેની બારીક રેખા વિશે વિચારવા મજબૂર કરે છે.

સિરિઝની વાર્તા પ્રેક્ષકોને જકડી રાખે છે. નવી સીઝન હાથી રામ ચૌધરી ઉર્ફે જયદીપ અહલાવત અને તેની ટીમને અજાણ્યાં પ્રદેશમાં લઈ જાય છે, એક ખતરનાક 'નવું નરક' જે તેમની પહેલાં કરતાં વધુ કસોટી કરશે.

**ખુદ તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરીયાએ પુત્ર નકલી ગણાવ્યો: લેટર પેડનો દૂરૂપયોગ કોઈએ કર્યાનો બચાવ**

# સોશ્યલ મીડિયામાં ધારાસભ્ય કૌશિક વેકરીયાને બદનામ કરવાનાં હિન પ્રયાસ સામે આક્રોશ : પ્રદેશ ભાજપ સુધી રજૂઆતો ઉઠી

(ગરવી તાકાત) અમરેલી તા.૨૮

અમરેલીના ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરીયા વિરૂદ્ધ લેટર સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં રાજકિય ક્ષેત્રે ગરમાવો આવી ગયો છે. બનાવટી લેટરના પગલે અનેક આગેવાનોએ પ્રદેશ કક્ષા સુધી રજુઆત કરી તટસ્થ તપાસની માંગણી ઉઠાવી છે.



અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયા વિરૂધ્ધનાં લખાણવાળો બનાવટી લેટર સોશ્યલ મીડિયામાં તાલુકા પંચાયતનાં પ્રમુખ કિશોર કાનપરીયાનાં નામે વાયરલ થતાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે અને આ અંગે તાલુકા પંચાયતનાં પ્રમુખ વનરાજભાઈ કોઠીવાલે બનાવટી પત્ર વાયરલ કરનારને આવા કાવતરા ન કરવાની ચીમકી આપી છે.

તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં સંગઠનના માધ્યમથી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંગઠનને મજબૂત બનાવનાર અને જિલ્લામાં વિકાસના ઐતિહાસિક કામો કરાવનાર ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા વિરૂધ્ધ અસુરીવૃત્તિની માનસિકતા ધરાવતા લોકોનો બનાવટી લેટર વાયરલ થયોછે. અમરેલી તાલુકા પંચાયત પ્રમુખના નામનો ખોટો લેટર પેડ, ખોટો સિકકો અને ખોટી સહી સાથે આ લેટર બનાવવામાં આવ્યો છે અને આ વાતની પુષ્ટી ખુદ તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયાએ કરી છે.

અમરેલીનાં ધારાસભ્યને બદનામ કરતાં લખાણવાળો પત્ર સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં દેવભૂમિ દેવળીયાનાં સરપંચ ભાવનાબેન સુખડીયાએ પ્રદેશભાજપને એક પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે, આજરોજ સવારે અમારા ધ્યાને આવેલ કે વ્હોટસએપમાં કોઈ અજાણ્યા ઈસમ દ્વારા કિશોરભાઈ આર. કાનપરિયા, પ્રમુખ તાલુકા પંચાયત અમરેલીના લેટર પેડનો દુરૂપયોગ કરીને પ્રમુખની સાઈન અને સિકકામાં છેડછાડ કરી પક્ષ અને સ્થાનિક ધારાસભ્ય વિશે તદન ખોટી વાતો લખી તેમનીપ્રતિષ્ઠાને ઠેસ પહોંચે તથા કાર્યકર્તાઓનો મોરલ તોડવા તદન ખોટી વાત ઉપજાવી કાઢી, વ્હોટસએપના માધ્યમથી વાયરલ કરવાનો નિરર્થક પ્રયાસ ધ્યાને આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે એક સમયે કોંગ્રેસના ગઢ ગણાતા અમરેલી જિલ્લામાં ૨૦૨૦માં કૌશિક વેકરીયા જિલ્લા ભાજપ પ્રમુખ બનીને સમગ્ર જિલ્લાનું ભાજપનું સંગઠન મજબૂત બનાવી, સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં અમરેલી જિલ્લાની તમામ નગરપાલિકાઓ, તમામ તાલુકા પંચાયતો અને અમરેલી જિલ્લા પંચાયતમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય ધ્વજ લહેરાવેલ. ત્યારબાદ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં તત્કાલિન વિરોધ પક્ષના નેતાને પોતાની કાર્યક્ષેલી અને લોકચાહનાથી ૪૬ હજારથી વધુ મતોથી ચૂંટણી હરાવી ધારાસભ્ય તરીકે ચૂંટાયા અને આજદિન સુધી બે વર્ષથી ઓછા સમયગાળામાં સમગ્ર અમરેલી પંથકમાં જન કલ્યાણકારી કામો કરી અન્ય લોકચાહના મેળવી તેમજ ન ભૂતો ન ભવિષ્યતિ એવા હજારો કરોડના વિકાસ કામો સરકારમાંથી મંજૂર કરાવ્યા છે.

## તાલુકા પંચાયત પ્રમુખની સ્પષ્ટતા

**અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાને બદનામ કરવા માટે જેના લેટરપેડ અને સહીનો ઉપયોગ થયો છે તેવા અમરેલી તાલુકા પંચાયતનાં પ્રમુખ કિશોર કાનપરીયાએ પ્રદેશ ભાજપ પ્રમુખનો વાયરલ થયેલ પત્ર બાબતે સ્પષ્ટતા કરી છે.તેઓએ જણાવેલ છે કે, હું કિશોરભાઈ આર. કાનપરિયા, તાલુકા પંચાયત, અમરેલીના પ્રમુખ તરીકે છેલ્લા દોઢ વર્ષથી ફરજ નિભાવી રહયો છું. આજરોજ સવારે મારા વ્હોટસઅપમાં કોઈ અજાણ્યા ઈસમ દ્વારા તાલુકા પંચાયત, પ્રમુખ તરીકેના મારા લેટર પેડનો દુરૂપયોગ કરીને એકડૂપ્લીકેટ કોપીનાં આધારે મારી સાઈન અને સિક્કામાં છેડછાડ કરી આ ડૂપ્લીકેટ લેટરપેડમાં તેનો ઉપયગ કરી પક્ષ અને સ્થાનિક ધારાસભ્ય વિશે તદન ખોટી વાતો લખી તેમની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચે તથા કાર્યકર્તાઓનો મોરલ તોડવા તદન ખોટી વાતો ઉપજાવી કાઢી, વ્હોટસઅપનાં માધ્યમથી વાયરલ કરવાનો નિરર્થક પ્રયાસ કરવામાં આવ્યો જે ધ્યાને આવેલ છે.ઉપરોકત બાબતે જણાવવાનું કે આ ડૂપ્લીકેટ લેટરમાં અમરેલીના યુવા અને લોકલાડીલા ધારાસભ્ય કૌશિક વેકરીયાની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. તથા નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સહિત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ બાબતે તમામ આક્ષેપો તેમના નામ ઉપર લગાડવામાં આવ્યા છે. જે તદન ગેરવ્યાજબી અને તથ્યથી વિહોણા છે.**

## એસ.પી.ને.રજુઆત

**અમરેલીના ધારાસભ્ય વિરુદ્ધ લખાણ કરતો અમરેલી તાલુકા પંચાયત પ્રમુખના નામે ડૂપ્લિકેટ લેટર બનાવી ગંભીર આરોપ સાથે બદનામ કરવાના મામલો પોલીસ વડા સુધી પોહચ્યો હતો.અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરીયા એ લેટર ડૂપ્લિકેટ ગણાવ્યો હતો. ધારાસભ્ય ને બદનામ કારતો ડુપ્લીકેટ લેટર બામ્બ સામે ભાજપના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ આવતી કાલે ગાંધીનગર રજૂઆત અર્થે પણ જશે.અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયબ દંડકકૌશીક વેકરીયાને બદનામ કરવા માટે રાજકીય કાવતરૂ સામે આવતા ભાજપમા ખળભળાટ મચી ગયો છે અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરીયાનું લેટર પેડ ડૂપ્લીકેટ બનાવી ડૂપ્લીકેટ સાઈન બનાવી વાયરલ કરવામાં આવતા તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરીયા જિલ્લા પોલીસ વડા સંજય ખરાતને રૂબરૂ મળી રજૂઆતો કરવામાં આવી છે પોલીસ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.**

**ચેક્ ક્લીયરીંગ સિસ્ટમમાં આગામી મહિનેથી મોટા ફેરફારો: બેંક્રો દ્વારા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ**

# હવે થોડા કલાકોમાં જ ચેક ક્લીયર થઇ નાણાં ખાતામાં જમા થઇ જશે

**ચેક ટ્રેકેશન સિસ્ટમમાં આર્ટીફીશ્યલ ઇન્ટેલીજન્સને પણ સ્થાન અપાયું: કોડ મુજબ બેંક અને બ્રાન્ચનું વર્ગીકરણ સેકન્ડોમાં થશે: આરબીઆઇ દ્વારા સિસ્ટમનું સતત મોનેટરીંગ બાદ અમલમાં મુકાશે**

મુંબઇ, તા.૨૮

દેશમાં નાણાં ટ્રાન્સફર અંગે અનેક ઈલોક્ટ્રોનિક મોડ વચ્ચે હવે ચેક ક્લીયરીંગ સિસ્ટમ પણ ઝડપી બનશે અને ઓગસ્ટ મહિનામાં થયેલા નિર્ણય મુજબ આગામી વર્ષથી ફક્ત બે કલાકમાં ચેક ક્લીયર થઈ જાય તે નિશ્ચિત કરવામાં આવશે.

રીઝર્વ દ્વારા આ અંગે તમામ બેંકો અને તેના ક્લીયરીંગ હાઉસને ટેકનોલોજીથી સજ્જ થવા જે આદેશ આપ્યો હતો તેમાં બેંકો હવે આખરી ઘડીની તૈયારી કરી રહી છે અને થોડા દિવસ તેમાં પ્રેકટીસ બાદ કાયમ માટે તે સીસ્ટમ અમલી બનાવી દેવાશે.

હાલ નિયમ મુજબ જમા કરાયેલા ચેક જે તે દિવસ દરમ્યાન અલગ અલગ ટાઈમ સ્લોટ મુજબ ગ્રુપ કે બ્રાન્ચોમાં એક સાથે પ્રોસેસ કરવામાં આવે છે તો પણ ચેક્ ક્લીયર થવામાં બે કે ત્રણ દિવસનો સમય લાગે છે પરિણામે ગ્રાહકને રાહ જોવી પડે છે.

ઉપરાંત નાણાંના સેટલમેન્ટમાં પણ સમય લાગતો હોવાથી ગ્રાહકને તેની અસર પડે છે. હવે ચેક ક્લીયરીંગને એક નવી સીસ્ટમ હેઠળ આવરી લેવામાં આવે છે. રીઝર્વ બેંકના પૂર્વ ગવર્નર શક્તિકાંતા દાસે તેમાં સુધારો કરવા જે પહેલ કરી હતી તે હવે અમલી બની રહી છે અને નવા ફેરફારથી બેંક દ્વારા જે તે દિવસે ચેક ક્લીયર થઈ જાય અને બે કલાકમાં જ રીઝલ્ટ મળે તે જોવામાં આવશે.

આ માટે ચેકની ઈલેકટ્રોનિક ઈમેજ તૈયાર કરવાની પ્રક્રિયા છે. તેનો વધુ એક સુધારો કરીને તે પણ આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સની પણ



મદદ લેવામાં આવી છે જે બેંકોના કોડ મુજબ તેની બ્રાન્ચ અને એકાઉન્ટમાં સેકન્ડોમાં વર્ગીકરણ કરી દેશે અને જે તે બેંક અને બ્રાન્ચના કોમ્પ્યુટરમાં તે ક્લીયરીંગ માટે આગળ વધશે.

ચેક ક્લીયરીંગમાં સહી અને રકમ સૌથી મહત્વની હોય છે અને તેના માટે પણ ખાસ ડબલ ચેક સીસ્ટમ અપનાવાય છે જેના કારણે સમગ્ર ચેક ક્લીયર થતાં ઓછામાં ઓછો સમય લાગે તે જોવાશે. જો કે સાવચેતી ખાતર બેંકો તેના ક્લીયર હાઉસમાં રીવર્સ એન્ટ્રી સીસ્ટમને પણ ઝડપી બનાવશે જેના કારણે બેંકનો ચેક ડીસઓનર થાય તો પણ તે ગ્રાહકને એલર્ટ મળી જશે.

**એમ્સ દિલ્હીના વિશેષજ્ઞોના સંશોધનમાં ચોંકાવનારો ખુલાસો**

# ખરાબ જીવનશૈલીથી છેલ્લા એક દાયકામાં પેક્રિયાઝની બીમારીમાં ૧૦ ટકા વધારો

દિલ્હી,તા.૨૮

લોકોની બદલેલી જીવન શૈલીના કારણે દેશમાં છેલ્લા એક દાયકામાં પેક્રિયાઝની બીમારીમાં ૧૦ ટકા વધારો થયો છે. શરાબ, ખરાબ ખાનપાનની આદતની સાથે સ્થૂળતા ગોલ બ્લેન્ડરમાં સ્ટોન (પથરી) આ રોગને ગંભીર બનાવી દે છે.

વિશેષજ્ઞો જણાવે છે કે, પેક્રિયાસની બીમારી અસાધ્ય નથી, આ બીમારી કોઈપણ વયની વ્યક્તિને થઈ શકે છે.

જો દર્દી ડોકટરની સલાહ પર ઉચીત પરેજીની સાથે દવા લે છે તો દર્દી ૮૦ ટકા પુરી રીતે ઠીક થઈ શકે છે. જયારે પેક્રીયાઝ એટેક આવ્યા બાદ પણ દર્દી સામાન્ય જીંદગી જીવી શકે છે.

એમ્સના ગેસ્ટ્રોલોજીના વિભાગ અધ્યક્ષ ડો. પ્રમોદ ગર્ગે બતાવ્યુ હતું કે, શરાબ સેવનના કારણે પેક્રિયાઝની બિમારી (પેક્રિયાઈટીસ) હોવાનો કેસ ૧૫ ટકાથી વધીને ૫૦ ટકા સુધી વધી ગયા છે.

૪ ટકા દર્દીઓમાં રોગ થવા માટે ગોલ બ્લેક્રરમાં સ્ટોન મોટું કારણ છે. કેટલાક દર્દીઓના જીનમા મ્યુટેશન, આનુવંશિક દવાનો આડઅસર સહિત અન્ય કારણો પણ હોઈ શકે છે.

# મનુષ્યની જેવી દષ્ટિ હશે તેવી તેને સૃષ્ટિ દેખાશે. દુર્યોધનને જગતમાં કોઈ સંત ન દેખાયો, ત્યારે યુધિષ્ઠિરને જગતમાં કોઈ દુર્જન ન દેખાયો. .

આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો શ્રીમદ્ ભાગવત ગીતામાં સ્પષ્ટ કહયું છે કે આ જગતમાં સુખી થવાના બે જ માર્ગ છે:એક જ્ઞાન માર્ગ અને બીજો ભક્તિમાર્ગ. જ્ઞાન માર્ગ કહે છેકે,સર્વ છોડીને પરમાત્માપાછળ પડો. વૈરાગ્ય વગર જ્ઞાન મળતું નથી.જ્ઞાન માર્ગમાં વૈરાગ્ય મુખ્ય છે. જ્ઞાનમાર્ગમાં બધું છોડી દેવાનું છે. જ્ઞાની બધું છોડી દે છે અને એક ભગવાનને પકડી રાખે છે. જ્ઞાન માર્ગમાં ત્યાગ મુખ્ય છે.

ભક્તિમાર્ગ કહે છે કે,સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે. એના કરતાં સર્વમાં ઈશ્વર છે એમ માની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું. ભક્તિમાર્ગમાં સમર્પણ મુખ્ય છે. ભક્તિમાર્ગના આચાર્ય શ્રીકૃષ્ણ છે. ભગવાન શ્રીકૃષ્ણ સર્વ ઉપર પ્રેમ કરે છે. ભક્તિમાર્ગમાં સર્વ સાથે પ્રેમ કરવાનો હોય છે. ભગવાન જેવો પ્રેમ કરનાર કોઈ થયો નથી અને થવાનો નથી.એક વખત ભૃગુઋષિ વૈકુંઠમાં આવ્યા.ભગવાન સૂતેલા છે.લક્ષ્મીજી ચરણની સેવા કરે છે આને મોટો દેવ કોણ કહે? આવેલા પરીક્ષા કરવા એટલે એકદમ આવીને ભગવાનની છાતી ઉપર એમણે લાત મારી. ભૃગુઋષિ એ છાતીમાં લાત મારી તેમ છતાં છાતીમાં લાત મારનાર ઉપર પણ મારો કનૈયો પ્રેમ કરે છે તેવું માન્યું. ભગવાન કહે છે, મારી છાતી સખત અને તમારા ચરણ કોમળ.તમારાં ચરણને દુઃખ થયું હશે. જગતમાં આવો પ્રેમ કરનારો કોઈ છે?પણ માતાજીને જરા ખોટું લાગ્યું.આ કંઈ પરીક્ષા કરવાની રીત નથી.તેથી માતાજી એ બ્રાહ્મણોનો ત્યાગ કર્યો એટલે ઘણે ભાગે બ્રાહ્મણો ગરીબ હોય છે.જ્ઞાનીઓ માને છેકે,આ શરીર નો સંબંધ થયો એટલે દુઃખ આવ્યું એટલે જ્ઞાનીઓ આ શરીર સાથે પણ પ્રેમ કરતા નથી.પ્રેમ કરવો હોય તો સર્વ સાથે પ્રેમ કરો અને કોઈ સાથે પ્રેમ ન કરવો હોય તો આ શરીર ઉપર પણ પ્રેમ ન



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

કરવો અને એક પરમાત્મા ઉપર પ્રેમ કરવો.સર્વ સાથે પ્રેમ કરો અથવા સર્વનો ત્યાગ કરો.સર્વનો ત્યાગ તમારાથી ન થઈ શકે તો સર્વમાં ઈશ્વરનો ભાવ રાખી તેની સાથે પ્રેમ કરો.સર્વમાંથી મમતાનો ત્યાગ કરો અથવા સઘળું ઈશ્વરને અર્પણ કરી સર્વ કર્મફળનો ત્યાગ કરો.દરેકમાં મમતા-મારાપણું એ સમર્પણ માર્ગ. અમુકમાં જ મમતા એ સ્વાર્થ માર્ગ. આજે આ બધાં સ્વાર્થમાર્ગી બન્યા છે.

સંસારમાંથી જે ન જાગે તેને કનૈયો મળતો નથી. ત્યારે જાગ્યો કોણ કહેવાય? જે મનથી વિષય સુખનો ત્યાગ કરી ભગવાનના નામનો જપ કરે તે. તુલસીદાસજી કહે છે, જ્યારે સઘળા વિષય- વિલાસો ઉપર વૈરાગ્ય આવે, ત્યારે સમજવું કે એ જીવ જગતમાં જાગ્યો છે.

કપિલમુનિ માતાને કહે છે,મા, અનાદિકાળથી આ મન સંસારમાં ભટકતું આવ્યું છે. સત્સંગથી મન સુધરે છે,વાસનાનો ત્યાગકરવાથી મન સુધરે છે. વિવેકી પુરુષો સંગ અથવા



આસક્તિને આત્માનું બંધન માને છે,પરંતુ એ સંગ અથવા આસક્તિ જ્યારે સંત -મહાત્માઓ પ્રતિ થાય છે,તો મોક્ષનું દ્વાર ખુલ્લું થઈ જાય છે માટે સત્સંગ કરવો.દેવહુતિ કહે છે કે,મને જગતમાં ક્યાંય સંત દેખાતા નથી.કપિલ ભગવાન કહે છે,મા,તું સંત થા,એટલે તને સંત મળશે.

એકનાથ, તુકારામ,નરસિંહ ગૃહ સ્થાશ્રમી હતા. તેઓ ઘરમાં રહીને સંત થયેલા છે.સંતનાં લક્ષણો જીવનમાં ઉતારો તો સંત થશો. સત્સંગ વગર સુખ મળતું નથી. સંત થયા વિના સાચા સંત મળતા નથી. દષ્ટિ પ્રમાણે સૃષ્ટિ બને છે. હનુમાનજીની આંખ ક્રોધથી લાલ થવાથી ધોળાં ફૂલ પણ તેમને લાલ દેખાયાં હતાં. આ વાત એકનાથ મહારાજે કહી છે.તેઓ રામાયણ ના સુંદરકાંડની કથા કહી રહ્યા હતા.

આ સુંદરકાંડમાં સઘળું સુંદર છે. સુંદરકાંડનું નામ સુંદર એટલા માટે રાખ્યું છે કે,હનુમાનજીને તેમાં માતાજીની પરાભક્તિનાં દર્શન થયાં છે.બ્રહ્મચર્ય અને રામનામની શક્તિ હોય,તો દરિયો આ સંસાર સાગર ઓળંગાય.હનુમાનજી જેવા હોય તો જ આ દરિયો ઓળંગી શકે. દરિયો ઓળંગી હનુમાન અશોક વનમાં આવ્યા છે.એકનાથ મહારાજે કથામાં કહ્યું કે,હનુમાન જી જ્યારે અશોકવનમાં આવ્યા છે, ત્યારે ત્યાંના ફૂલ ઝાડો ઉપર ધોળાં ફૂલ ખીલી રહ્યાં હતાં.સીતાજી જયાં હોય તે અશોકવન. ભક્તિ જ્યાં હોય ત્યાં શોક ન હોય.

એકનાથજીની આ કથા હનુમાનજી સાંભળવા આવેલા. તેમણે તરત પ્રગટ થઈ વિરોધ નોંધાવ્યો. મહારાજ,તમે ખોટું કહી રહ્યા છો.મેં તે વખતે અશોક વનમાં મારી સગી આંખોએ ફૂલો જોયેલાં ફૂલો ધોળાં નહીં પણ રાતાં હતાં. એકનાથ મહારાજે કહ્યું, મને જેવું દેખાય છે તેવું વર્ણન કરું છું.છેવટે ઝઘડો રામચંદ્રજી પાસે ગયો. રામજીએ કહ્યું,તમે બંને સાચા છો.ફૂલો ધોળા પરંતુ હનુમાનજીની આંખો તે વખતે ક્રોધથી લાલ થયેલી હતી એટલે એમને ફૂલો રાતાં દેખાયાં એ પણ સાચું છે.

મનુષ્યની જેવી દષ્ટિ હશે તેવી તેને સૃષ્ટિ દેખાશે.દુર્યોધનને જગતમાં કોઈ સંત ન દેખાયો, બધા દુર્જન માલુમ પડયા.ત્યારે યુધિષ્ઠિરને જગતમાં કોઈ દુર્જન ન દેખાયો. તેને બધા સજ્જન લાગ્યા.

સંતોનાં લક્ષણોમાં તિતિક્ષાને પ્રાધાન્ય આપવામાં આવેલું છે. સહન કરો તો સુખી થશો. સંતોનાં પરિત્રો વાંચો. સંતોને ખૂબ દુઃખ પડયું છે, પણ તે દુઃખોની અસર સંતોના મન ઉપર થતી નથી. એકનાથ મહારાજ પૈઠણમાં રહેતા ગોદાવરી નદી ઉપર જવાના માર્ગ ઉપર એક પઠાણ રહે. તે માર્ગથી જે હિંદુઓ સ્નાન કરીને જાય તેમને પઠાણ બહુ તંગ કરતો. એકનાથ મહારાજ પણ એ જ રસ્તેથી ગોદાવરીમાં સ્નાન કરવા જતા હતા.પઠાણમહારાજ ને પણ તંગ કરતો પણ એકનાથ જી સર્વ સહન કરે. એક દિવસ પઠાણને થયું કે,આ માણસને ગુસ્સે કરું ત્યારે ખરો! એકનાથજી મહારાજ નદીમાં સ્નાન કરીને પાછા ફરતા હતા. પેલો યવન એમના ઉપર થૂંક્યો. મહારાજ ફરીથી સ્નાન કરવા ગયા. પણ યવન ઉપર ગુસ્સે થયા નહીં. યવન ફરી થૂંકયો. મહારાજ ફરી સ્નાન કરવા ગયા.આવું ચાલ્યા જ કર્યું. મહારાજ એકસો આઠ વખત સ્નાન કરવા ગયા, ને થવન એમના પર એકસો આઠ વખત થૂંક્યો.છેવટે યવનમહારાજ ના પગે પડી કહે, આપ સંત છો. હું તમને ઓળખી શક્યો નહીં. મહારાજ કહે, એમાં ક્ષમા કરવા જેવું શું છે?તારા લીધે આજે એકસો આઠ વખત ગોદાવરીમાં સ્નાન કરવાનું પુણ્ય મને મળ્યું.

શાંતિ તેની કાયમ રહે છે જે અંદર થી ઈશ્વરનું અનુસંધાન રાખે છે. ઈશ્વરથી દૂર છે તેને શાંતિ ક્યાંથી? જે ખૂબ સહન કરે છે તે સંત બને છે.અતિશય વિપત્તિમાં પણ જે ઈશ્વરનો અનુગ્રહ સમજે એ મહાન વૈષ્ણવ.બાકી દુષ્ટ લોકો કોઈનું સારું જોઈ શકતા નથી. દુષ્ટ લોકોએ તુકારામને ગધેડા ઉપર બેસાડયા ત્યારે તુકારામ પત્નીને કહે છે, મારા વિઠ્ઠલનાથે મારા માટે ગરુડ મોકલ્યું છે. તેના ઉપર બેઠો છું.આ સંત ભાવ છે. જગતમાં ખૂબ સહન કરો.જગત માં અંધારું છે એટલે પ્રકાશની કિંમત છે.

તિતિક્ષા એ સંતોનું પહેલું લક્ષણ. કરુણા બીજું. સર્વ દેહધારીઓ પ્રતિ પ્રેમ પછી અજાતશત્રુપણું, શાંત સરળ ભાવ વગેરે લક્ષણો બતાવ્યાં.શાંતિની પરીક્ષા પ્રતિકૂળ તામાં થાય છે.અર્થનું-પૈસાનું અનુ સંધાન રોજ રાખો છો,પરંતુ તે સાથે પરમાત્માનું અનુસંધાન રાખશો તો પૈસા પણ મળશે અને શાંતિ પણ મળશે.આ જીવન ગાડીના ફકત પાટા જ બદલવાના છે. સંત પ્રભુના માટે સર્વનો ત્યાગ કરે છે. ભગવાન કહે છે કે, સંત મારા માટે સંપૂર્ણ કર્મ તથા સગાં સંબંધી ઓનો ત્યાગ કરે છે.

ભગવાન કસોટી કરીને અપનાવેછે નરસિંહ મહેતાની બહુ કસોટી કરેલી.મહેતાજીએ માગ્યું, ભગવાન કળિયુગમાં આવી કસોટી કરશો નહીં.આવી કસોટી કરશો,તો કોઈ તમારી સેવા કરશે નહીં.ભગવાનની કથા સાંભળવા થી શ્રદ્ધા દઢ થાય છે.તે પછી ભગવાન તરફ આસક્તિ વધે છે. અને એટલે વ્યસનાત્મિકા ભક્તિ પ્રાપ્ત થાય છે. ભક્તિ વ્યસનરૂપ બને ત્યારે એને મુક્તિ સુલભ થાય છે.ભક્તિ જ્યારે વ્યસનની ઉગ્રતા જેવી બને છે ત્યારે તે ઈશ્વર પાસે લઈ જાય છે.તીવ્ર ભક્તિ વગર મુક્તિ મળતી નથી. તીવ્ર ભક્તિ એટલે વ્યસના ત્મિકા ભક્તિ. તુકારામે ભક્તની સુંદર વ્યાખ્યા આપી છે. એક ક્ષણ પણ ભગવાન થી વિભક્ત ન થાય એ ભક્ત. વ્યવહારનું કાર્ય કરતાં ભગવાનથી વિભક્ત ન થાય તેનું નામ ભક્ત.. વાચક ચાહક મિત્રો જય માતાજી સુપ્રભાત પલટાયેલા વાતાવરણથી ખેડૂતો પશુપાલકોની ચિંતા વધી છે.૨૦૨૪નું વર્ષ અંતિમ તબક્કા છે ત્યારે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘની ચિર વિદાયથી દેશવાસીઓએ એક અમુલ્ય રતન ગુમાવ્યું છે આપણે હૃદય પૂર્વક શ્રદ્ધા સુમન અર્પણ કરીએ તથા પરમાત્મા સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

## આશરે ૧૩ કિલો ચાંદી અને ૩ તોલા સોનુ જૂની કિંમત મુજબ ૧,૭૦,૦૦૦ હજારના મુદ્દામાલની ચોરી થતાં ગામમાં હાહાકાર

# મોરવાડામાં તસ્કરોનો તરખાટ : ગોગા મહારાજના મંદિરમાં ચાંદીની ફેણ તથા સોનાના દોરાની અજાણ્યા ઈસમો ચોરી કરી રફૂચક્કર

(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૮

શિયાળાની શરૂઆત થતાં જ અજાણ્યા ચોર,તસ્કરો,ડકૈત સક્રિય થઈ જતા હોય છે,અને લાગ જોઈ જ્યાં લોકોની હિલચાલ ઓછી જણાય ત્યાં ખાતર પાડી ફરાર થઈ જાય છે,સુઈગામ તાલુકાના મોરવાડા ગામમાં રબારી વાસમાં આવેલ ગામ ગોગા તરીકે પ્રખ્યાત ગોગા મહારાજના મંદિરે ગુરુવારની રાત્રીના સમયે અજાણ્યા ચોર ઈસમો મંદિરનો હાલગરો તોડી મંદિર અંદર રહેલા ગોગા મહારાજની ચાંદીની આશરે ૧૧ કિલો વજનની ગોગા મહારાજની ફેણ, બે મોટા છત્તર,૫૦ નાના મોટા ગોગા મહારાજની ચાંદીની ફેણ,એક ૩ તોલાનો સોનાનો દોરો મળી કુલ ૧૩ કિલો ચાંદી અને ૩ તોલા સોનુ મળી જુના ભાવ પ્રમાણે ૧,૭૦ લાખની ચોરી થતા ગામમાં હાહાકાર મચી જવા પામ્યો હતો, આ અંગે સુઈગામ પો.સ્ટેશને ફરિયાદ નોંધાવતાં પોલીસે ડોગ સ્કવોર્ડ,બોલાવી તપાસ હાથ ધરી છે,

બનાવની પ્રાપ્ત માહિતી મુજબ મોરવાડા ગામના રબારી વાસમાં આવેલ ગામ ગોગા તરીકે જાણીતા ગોગા મહારાજના મંદિરે દરરોજ પૂજા કરતા વાઘાભાઈ રબારી કે જમનું ઘર મંદિર નજીક જ છે,જેઓ શુક્રવારે સવારે મંદિરે પૂજા કરવા ગયેલા તે સમયે મંદિરના દરવાજા ખુલ્લા હતા,અને હાલગરો તૂટેલો હતો,તે જોઈ તેમણે આજુબાજુ માંથી બોલાવી કંઈક અજુગતું બન્યું હોવાની જાણ કરી,બધા ભેગા મળી મંદિરમાં તપાસ કરતાં ગોગા મહારાજની મોટી મૂર્તિ જે આશરે ૧૧ કિલો ચાંદીની હતી, બે મોટા ચાંદીના છત્તર આશરે ૧ કિલો, ૫૦ નાની મોટી ગોગાની ચાંદીની મૂર્તિઓ આશરે ૧ કિલો તેમજ ગોગા મહારાજને ફેણ પર ચડાવેલ ૩ તોલા સોનાની દોરો મળી ૧૩ કિલો ચાંદી અને ૩ તોલા સોનાની ચોરી થયાનું જણાતાં આ અંગે વાસુભાઈ રબારીએ સુઈગામ પો.સ્ટેશને ફરિયાદ કરતા સુઈગામ પી.આઈ એચ.એમ.પટેલ દ્વારા સ્થળ પર આવી તપાસ કરતાં ગુનાની ગંભીરતા જોઈ ચોરીનો ભેદ ઉકેલવા ડોગ સ્કવોર્ડ બોલાવી હતી,અને જરૂરી કાર્યવાહી હાથ ધરી તસ્કરોને ઝડપી લેવા ઝીણવટ ભરી તપાસ હાથ ધરી છે,





(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

### આજના સમયે લાખો રૂપિયાની કિંમતના ચોના ચાંદીની ચોરી


**મોરવાડા ગોગા મહારાજના મંદિરમાં આશરે ૧૩ કિલો ચાંદી અને ૩ તોલા સોનુ જે જુના ભાવ પ્રમાણે ૧,૭૦ લાખનું નોંધવામાં આવ્યું છે, પણ આજના ભાવ પ્રમાણે ૧૦ લાખથી વધુની કિંમતનું સોનુ અને ચાંદી ગણી શકાય છે.**

### સુઇગામ પોલીસે સૂચના જારી કરી

**મોરવાડા ગામે ગોગા મહારાજના મંદિરે થયેલ ચોરીની ગંભીરતા જોઈ સુઇગામ પો.સ્ટેશનના પી.આઈ. એચ.એમ.પટેલ દ્વારા એક જનહિતમાં સૂચના જાહેર કરાઈ છે,જેમાં જણાવ્યું છે કે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ મંદિર,મસ્જિદ,દેરાસર,વિગેરેમાં સી.સી.ટી.વી કેમેરા ચાલુ કરવા શક્ય હોય તો સોનુ,ચાંદી,રોકડ રકમ સહિતની કિંમતી વસ્તુઓ ના રાખવી,સ્કૂલો અને બેંકોમાં કે જરૂર હોય ત્યાં પોલીસ પેટ્રોલિંગ માટે જાણ કરવી,અજાણ્યા ઈસમોની હિલચાલ પર નજર રાખવી અને શકમંદ જણાય તો ૧૦૦ નંબર ડાયલ કરવો અથવા હેલ્પલાઇન નંબર ૬૩૫૯૬૨૯૦૫૬ પર જાણ કરવી,શિયાળાની સિઝન હોઈ ચોર,લૂંટારા ની ગેંગ સક્રિય હોઈ દરેકે સાવચેત અને સજાગ રહેવું.**

## સંક્ષિપ્ત સમાચાર

### વિશ્વ ચેસ ચેમ્પિયન ડી. ગુકેશને સુપરસ્ટાર રજનીકાંત દ્વારા પરમહંસ યોગાનંદની ઓટોબાયોગ્રાફી ઓફ એ યોગી (યોગી કથામૃત)ની મળી ભેંટ



(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૮

ભારતીય સિનેમાના સુપરસ્ટાર રજનીકાંતની સહ પરિવાર થયેલ મુલાકાત દરમિયાન, તાજેતરમાં ઘોષિત કરેલ વર્લ્ડ ચેસ ચેમ્પિયન ડી ગુકેશને પરમહંસ યોગાનંદની “ઓટોબાયોગ્રાફી ઑફ એ યોગી (યોગી કથામૃત)ની પુસ્તક ભેંટ સ્વરૂપે મળી હતી.

તેમના ઠ (પૂર્વ ટ્વિટર) એકાઉન્ટ પર, ૧૮ વર્ષીય ગુકેશ ડોમ્મારાજુએ શેર કર્યુંઃ “સુપરસ્ટાર @rajinikanth સર તમારી હાર્દિક શુભેચ્છા અને આમંત્રણ માટે, તમારો કિંમતી સમય આપવા બદલ અને તમારું જ્ઞાન અમારી સાથે શેર કરવા બદલ તમારો આભાર??

સૌથી નાના વયના વિશ્વ ચેસ ચેમ્પિયન ગુકેશની આ પોસ્ટ, જેમાં તેમણે તેમના યજમાન સુપરસ્ટાર રજનીકાંતની બાજુમાં યોગાનંદજીની “ઓટોબાયોગ્રાફી ઑફ એ યોગી” પુસ્તક પકડીને તેમના ફોટા શેર કર્યા છે, તે વાયરલ થઈ ગઈ છે.

“ઓટોબાયોગ્રાફી ઑફ એ યોગી” વિશેઃ યોગાનંદજીની પુસ્તક યોગી કથામૃત - વિશ્વની સૌથી પ્રશંસિત આધ્યાત્મિક કૃતિઓમાંની એક છે — જે ૧૯૪૬માં પ્રકાશિત થઈ હતી અને તેની ૭૫મી વર્ષગાંઠ પૂર્ણ થઈ ચૂકી છે. વિશ્વભરમાં ૫૦ થી વધુ ભાષાઓમાં અનુવાદિત, જેમાં ૧૪ ભારતીય ભાષાઓનો સમાવેશ થાય છે, પરમહંસ યોગાનંદની જીવન કથા આપણા સમયના મહાન આધ્યાત્મિક વ્યક્તિત્વોમાંના એકનું રસપ્રદ ચિત્ર છે અને યોગના પ્રાચીન તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાન તેમજ ધ્યાનની સમય-સન્માનિત પરંપરા માટે એક ઊંડો પરિચય છે.

## જાણીતા વકીલ અશ્વિનભાઇ શાહે દલીલો કરેલ

# કાંકરેજ તાલુકાની શિહોરી કોર્ટે ચેક રિટન કેસ મા આરોપીને નિર્દોષ ઠેરવી છોડી મુક્યો

(ગરવી તાકાત) કાંકરેજ તા.૨૮

મળતી માહિતી પ્રમાણે કાંકરેજ તાલુકા ના તાણા ખાતે રહેતા ઝાલા કિશોરસિંહ ભાવસિંહ એ પોતાની માલિકી નુ ટાટા કંપની નુ ડમ્ફર નંબર ય્ત્ન.૨૪.ફ.૯૭૮૮ ઠાકોર સચીનભાઈ શ્રવણભાઈ રહે આંબલીવાસ કાંકરેજ તથા વિપુલભાઈ પ્રવીણભાઈ ઝાલા રહે ઝીંઝુવાડા તા પાટડી વાળા ને રુ ૬.00.000 (છ લાખ ) મા વેચાણ આપ્યું હતું એ સમયે વેચાણ આપ્યા નો વેચાણ કરાર લેખ નોટરી કરી ને કરેલ હતો અને ત્યારે તે પેટે બાકી રહેતા લેણાં પેટે રુ ૨.૮0.000 બાકી રહેલ તેના આવેદ્ય મા સચીનભાઈ શ્રવણભાઈ એ જુદા જુદા ચેકો આપેલ હતા જે ચેકો મુદત થતા ફરિયાદી એ



તેમના ખાતા મા જમા કરાવેલ પરંતુ આરોપી ના ખાતા મા પૂરતું બેલેન્સ ના હોવાના કારણે ચેકો રિટન થયેલ ત્યારે ફરિયાદી એ સચીનભાઈ શ્રવણભાઈ ઠાકોર આંબલીવાસ કાંકરેજ સામે શિહોરી કોર્ટ મા નેગોશીયેબલ ઈન્સ્ટયુમેન્ટ એક્ટ હેઠળ ફરિયાદ ક્રિ કેસ નંબર ૧૨૭૨/ ૧૯ થી કેસ દાખલ કરેલ જે કેસ મા આરોપીએ પોતાના બચાવ રજુ કરવા માટે શિહોરી ના જાણીતા વકીલ અને નોટરી એવા અશ્વિનભાઈ શાહ તથા વિનોદ પરમાર ને રોકેલ હતા જે કેશ તાજતર મા ચાલી જતા શિહોરી કોર્ટ ના વિદ્વાન ન્યાયાધીશ પી.બી. પટેલે ફરિયાદ મા રજુકરેલ તમામ પુરાવા નુ મૂલ્યાંકન કરતા ફરિયાદી પોતાનું લેણું કાયદેસર હોવાનું સાબિત કરી શકેલ નહીં જેથી આરોપી ને નિર્દોષ છોડી મુકવામાં આવેલ હતો આરોપી તરફે શિહોરી ના જાણીતા વકીલ અને નોટરી અશ્વિનભાઈ શાહ એ દલીલો કરેલ ત્યારે શિહોરી જ્યુડિશિયલ કોર્ટના જજ શ્રી પી.બી. પટેલે આરોપીને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કર્યો હતો.

## સમગ્ર ગુજરાત સહિત દેશભરમાં ચકચાર મચાવનાર

# નવનિર્માણ આંદોલનને ૫૦ વર્ષ પૂર્ણ થતા નીકળેલી છાત્રશક્તિ યાત્રાનું ડીસામાં કરાયેલ ભવ્ય સ્વાગત

(ગરવી તાકાત) ડીસા તા.૨૮

સમગ્ર ગુજરાત સહિત દેશભરમાં ચકચાર મચાવનાર નવનિર્માણ આંદોલનને ૫૦ વર્ષ પૂર્ણ થતા ગુજરાત ABVP. દ્વારા સમગ્ર રાજયમાં આવેલી અલગ અલગ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ નવ નિર્ણમ આંદોલન વિશે માહિતી મેળવી શકે અને વિદ્યાર્થીના આંદોલનની તાકાત અંગે માહિતગાર કરવા ABVP દ્વારા યાત્રાનું

આયોજન કરવામાં આવ્યું છે. જે યાત્રા ડીસા આવી પહોંચતા ડીસાની કોલેજમાં યાત્રાનું સ્વાગત તેમજ ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા નવનિર્માણ આંદોલનના ૫૦મી વર્ષગાંઠ નિમિતે સમગ્ર



ગુજરાતમા છાત્રશકિત રથયાત્રાનુ આયોજન કરવામા આવ્યું છે. જે યાત્રા આજરોજ ડીસા કોલેજ પરિસરમાં આવી પહોંચી હતી. છમ્ફઁના કાર્યકર્તા અને વિદ્યાર્થીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામા આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં નવનિર્માણ આંદોલન વિશે વિસ્તૃત સમજ અપાઈ હતી . તેમજ નવનિર્માણ આંદોલનની ઉત્પત્તિ અંગેનો અહેવાલ નવયુવાન વિધાર્થીઓ સામે વ્યક્ત કરાયો હતો.

આંદોલનના શહીદો અંગે વાત સાંભળીને યુવા તરૂણાઈ પણ સ્તબ્ધ થઈ ગઈ હતી. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે ABVPના પ્રદેશ સંગઠન મંત્રી અંકિત નાયી , અક્ષય શર્મા, જયદીપભાઈ પંચાલ, વિક્રમ જોશી,ચિરાગ ગૌસ્વામી, વિશાલ બારોટ, જયેશભાઈ મોદી સહીત ABVPના અલગ અલગ વિભાગના સંયોજકો ઉપસ્થિત રહ્યા હતા.

## વાલમ ક્લસ્ટર ની ગુણોત્સવ ૨.૦ અંતર્ગત મિટિંગ યોજાઈ



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

આજ તા. ૨૮/૧૨/૨૦૨૪ ને શનિવાર ના રોજ વિસનગર તાલુકા ના વાલમ ક્લસ્ટર ના તમામ આચાર્ય શ્રીઓ ની ગુણોત્સવ ૨.૦ અંતર્ગત મિટિંગ સવારે ૮.૩૦ થી ૧૨.૦૦ સુધી યોજવામા આવી. જેમાં નવીન સ્વ- મૂલ્યાંકન ના માળખાની સંપૂર્ણ સમજ ટેક્નોલોજી ના માધ્યમ થી વાલમ સી. આર. સી કો. ઑ. શ્રી દિપકભાઈ ચૌધરી દ્વારા આપવામાં આવી હતી.

## અઢી મહિના અગાઉ લૂંટ થયેલી ગાડી LCBએ ચિત્રાસણી નજીક ઝડપી પાડી, બે શખ્સોની ધરપકડ



બનાસકાંઠા એલસીબી પોલીસે બે માસ અગાઉ લૂંટ થયેલી ગાડી સાથે ઈસમો ને ઝડપી પાડ્યા છે. જેમાં બે ઈસમો અંબાજીથી ઈકો ગાડીમાં બેસી પાલનપુર તરફ આવી રહ્યા હતા તે સમય દરમિયાન પાલનપુર તાલુકાના ગોળા ગામ પાસે બંને ઈસમો પેશાબ કરવાના બહાને ગાડી રોકાવી હતી અને છરો બતાવી ગાડી ચાલે પાસેથી ગાડી લઈ ત્યાંથી નાસી છૂટ્યા હતા. જે બાદ પોલીસે ગુનો નોંધી લૂટારૂઓને ઝડપવા ચક્રોગતિમાન કર્યા હતા. એલસીબી પોલીસે અલગ અલગ ટીમો બનાવી ચિત્રાસણી પાસેથી ગાડી સહિત બે ઈસમોને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

૧૨ ઓક્ટોબર ૨૦૨૪ ના પાલનપુર તાલુકાના ગોળા ગામની સીમ અંબાજી ખાતેથી બે ઈસમો ઈકો ગાડીમાં બેસી ગોળા ગામ પાસે પેશાબ કરવાના બહાનેગાડી રોકાવી હતી. જે બંધ બંને ઈસમો એક્કો ચાલાકને છરો બતાવી ગાડી લઈ ત્યાંથી નાસી છૂટ્યા હતા જે બાબતે પાલનપુર તાલુકા પોલીસ ને જાણ થતા પોલીસ ફરિયાદ નોંધી આગળ ની તપાસ હાથ ધરી હતી. જેમાં ન્ઝ્રમ્ બનાસકાંઠા દ્વારા લૂંટનો ભેદ ઉકેલવા માટે અલગ અલગ ટીમો બનાવી જિલ્લા પોલીસ વડાની દેખરેખ હેઠળ જે લુટેલી ગાડી અમીરગઢ પાલનપુર રૂટ પર બાતમી મળી હતી જે આધારે પોલીસે ચિત્રાસણી પાસે લૂંટ થયેલ ગાડીની વોચ રાખી હતી અને ગાડી આવતા જ પોલીસે તેને ચાલાક સહીત ઝડપી પાડી હતી જેમાં ૧ ફતેસિંહ ડાભી રહે ધોરી વડગામ, અને ૨ દશરથસિંહ ચૌહાણ રહે કરઝા જેથી અમીરગઢ વાળા ને ઝડપી પાડી અને ગોળા ગામથી લૂંટ કરેલ ગાડી કબ્જે કરી પોલીસ આગળ ની તપાસ હાથ ધરી છે.

### પાલનપુરમાંથી લીધેલા ખાદ્ય મસાલાના નમૂનાઓમાં જંતુનાશક દવાઓની માત્રા મર્યાદા કરતા વધુ હોવાનું સામે આવતાં કડક કાર્યવાહી

બનાસકાંઠા જિલ્લા ખાદ્ય અને ઔષધ નિયમન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં એક ચિંતાજનક તથ્ય સામે આવ્યું છે. પાલનપુરમાંથી લેવામાં આવેલા ખાદ્ય પદાર્થો, ખાસ કરીને મસાલાના નમૂનાઓમાં જંતુનાશક દવાઓની માત્રા મર્યાદા કરતા વધુ હોવાનું જણાયું છે.

૯ ઓક્ટોબરના રોજ પાલનપુરમાં વિવિધ દુકાનોમાંથી મસાલાના કુલ ૧૪ નમૂના લેવામાં આવ્યાં હતા. આ નમૂનાઓની તપાસમાંથી ૫ નમૂનાઓમાં ફાયપ્રોનિલ, ફેનોક્સાપ્રોપ પી ઈથાઈલ, ક્લોરપાયરીફોસ, થાઈમેથોક્સામ અને એઝોક્સિસ્ટ્રોબિન જેવા ઝેરી તત્વોની માત્રા મર્યાદા કરતા વધુ હોવાનું જણાયું છે. આ નમૂનાઓ એમ.કે. મસાલા થરા, વાંકળ કરિયાણા સ્ટોર્સ થરાદ, એક્સક્લુઝિવ સ્પાઈસીસ પાલનપુર, યમી ફૂડપ્રોડક્ટસ પાલનપુર અને કુલદીપ કરિયાણા સ્ટોર્સ થરાદ માંથી લેવામાં આવ્યાં હતા. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને ખાદ્ય સલામતી અને ધોરણો અધિનિયમ, ૨૦૦૬ હેઠળ આ દુકાનો સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# વિસનગર તાલુકાના હસનપુર ગામના આયુષ્માન આરોગ્ય મંદિરમાં NQAS એસેસમેન્ટ કરાયું



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

દિલ્હી એન.એચ.આર.સી ટીમ દ્વારા વિસનગર તાલુકાના હસનપુર ગામના આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે દિલ્હી ખાતેની એન.એચ.આર.સી ટીમ દ્વારા કલેકટરશ્રી એમ નાગરાજન,જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.હસરત જૈસમિન અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.મહેશ કાપડિયા ના માર્ગદર્શન હેઠળ એનક્યુએએસ કરવામાં આવ્યું હતું.આરોગ્ય મંદિરમાં સગર્ભા માતા, પ્રસૂતા,નવજાત શિશુ રસીકરણ સહિતની આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

આરોગ્ય મંદિર સેન્ટરમાં સગર્ભા માતા,પ્રસૂતા,નવજાત શિશુ, રસીકરણ સહિતની આરોગ્ય સેવા ઉપલબ્ધ છે.મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના હસનપુર ગામે આવેલા આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે દિલ્હી ખાતેની એનએચઆરસી ટીમ દ્વારા નેશનલ કક્ષાનું એન. ક્યુ. એ. એસ. કરવામાં આવ્યું હતું. આ આરોગ્ય કેન્દ્રમાં સગર્ભા માતાની તેમજ પ્રસ્તુતા તથા પ્રસુતિ પછીની સાર સંભાળ, નવજાત શિશુ અને એક વર્ષથી નાના બાળકની આરોગ્યની સાર સંભાળ, રસીકરણ સહિત બાળ સંભાળ અને કિશોર- કિશોરીઓને પૂરતી આરોગ્ય સેવાઓ, કુટુંબ કલ્યાણ ની લગતી સેવાઓ તેમજ તેને લગતી આરોગ્ય સેવાઓ, સામાન્ય રોગચાળા દરમ્યાન આપવાની થતી સેવાઓ તેમજ સામાન્ય બીમારીઓના ઉપચાર, રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમનું સઘન સંચાલન, જેમાં સંચારી અને રોગચાળા સંબંધિત પ્રોગ્રામ ડાયાબિટીસ, હાયપર ટેન્શન, કેન્સર જેવા નોન કોમ્યુનીટેબલ (બિન સંચારી) રોગોનું નિદાન તેમજ સુવ્યવહાર સારવાર ઉપલબ્ધ હોય છે.આ તબક્કે ઈચા.ક્વોલિટી મેડિકલ ઓફિસરશ્રી ડો. કૌશિક ગજ્જર, વિસનગર તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડો.આર.ડી.પટેલ , મેડિકલ ઓફિસરશ્રી ભાલક તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભાલક નો સ્ટાફ, વસંતભાઈ કાનજીદાસ પટેલ સરપંચશ્રી હસનપુર, કમલેશભાઈ અંબાલાલ પટેલ તાલુકા પંચાયત સદસ્યશ્રી વિસનગર તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## મધ્યપ્રદેશ ઇન્દોર માં ઉમિયા ધામમા હરિભાઇ પટેલે પ્રેરક હાજરી આપી



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

મધ્યપ્રદેશના ઈન્દોર સ્થિત માં ઉમિયા ધામ રાઉ પરિસરમાં પાટીદાર સમાજ દ્વારા તાજેતરમાં આયોજિત યુવક યુવતી લગ્ન પરિચય સંમેલનમાં સાંસદ શ્રી હરિભાઈ પટેલને અતિથિ તરીકે ઉપસ્થિત રહેવાનો અવસર મળ્યો હતો.

આ સંમેલનમાં મધ્યપ્રદેશ ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી અને રાજ્યસભાના સાંસદ શ્રીમતી કવિતા પાટીદાર જી, શ્રી શાંતિલાલ ગામીજી ,મધ્યપ્રદેશ પાટીદાર સમાજના અધ્યક્ષ શ્રી કાંતિલાલ પટેલજી તેમજ સમાજના વરિષ્ઠ અને પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા . પ્રાસંગિક પ્રવચનમાં સાંસદશ્રી એ જણાવ્યું હતું કે ,×આપણા સમાજની એકતા ,સંસ્કૃતિ અને પરંપરાઓ ને જોડી રાખતા યુવક યુવતીઓના ઉજ્જ્વળ ભવિષ્યની દિશામાં આ સંમેલન એક મહત્વપૂર્ણ આયોજન છે.

Volume : 10 Issue : 268 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002